BUSINESS મિત્ર Plus

# દેશમાં ચોમાસુ જામ્યું, હવે શેરબજારમાં તેજી જામશે



અમેરિકા અને ઇરાન વચ્ચે યુદ્ધ વિરામ સંપુર્ણ રીતે પુરો થવાના આરે છે. રોકાણકારો હવે એવું માનતા થઇ ગયા છે, આ તણાવ વચ્ચે વાટાઘાટો ચાલશે, પણ ફરીથી યુદ્ધ શરૂ નહીં થાય એટલું સ્પષ્ટ થઇ ચુક્યું છે. બીજી તરફ, અલ નીનોની અસર ઓસરતી જાય છે, દેશભરમાં ચોમાસાએ રફતાર પકડી છે, તેથી આવનારા સમયમાં શેરબજારમાં તેજી પણ રફતાર પકડી શકે છે. આ ઉપરાંત, હોર્મુઝ સ્ટ્રેટ ખુલી જવાના કારણે ક્રુડના ભાવો સતત ઘટી રહ્યા છે, રૂપિયો ધીમે ધીમે મજબૂત થતો જાય છે, ત્યારે શેરબજારનું વેલ્યુએશન પણ ઠીકઠાક જોવા મળી રહ્યું હોવાથી ફંડોનો રોકાણનો પ્રવાહ પુનઃ શરૂ થઇ શકે છે. જેથી શેરબજારની તેજીને વધુ વેગ મળી શકશે.

ઇરાન યુદ્ધના અંત જેવી અત્યારની સ્થિતિએ અને હોર્મુઝ સ્ટ્રેટ ખુલતા વિશ્વ બજારમાં ક્રુડ ઓલના ભાવોમાં ઘટાડો ચાલી રહ્યો છે, જેમાં હજુય ઘટાડો થવાની આગાહી કરવામાં આવી રહી છે, તેનાથી ભારતીય અર્થતંત્રને મોટો ફાયદો થઇ શકે છે. આયાત બિલમાં મોટો ઘટાડો થશે.

### વૈશ્વિક અનિશ્ચિતતાનો પ્રભાવ ઘટતા, ક્રુડના ભાવો તૂટતા ફંડો ભારતીય શેરબજાર તરફ વળશે

બીજી તરફ, ક્રુડ ઓઇલના ભાવો ઘટતાની સાથે જ ઓટો અને ઓટો એન્સલરી શેરોમાં તેજી પરત ફરી હતી. ઓટોમોબાઇલ સેકટરમાં જુન મહિનાના વાહનોના વેચાણના આંકડા પણ સારા આવ્યા છે અને આ રીતે ક્રુડ ઓઇલના ભાવ નીચે રહેશે તો વેચાણમાં સતત વૃદ્ધિ રહેવાનો આશાવાદ જવાઇ રહ્યો છે. આ ઉપરાંત, આગામી સપ્તાહથી કોર્પોરેટ પરિણામો શરૂ થનારા છે, આ પરિણામોમાં મીડલ ઇસ્ટના તણાવની અસર જોવા મળશે, પણ આ અનિશ્ચિતતાના ઘેરાયેલા વાદળો દૂર થઇ રહ્યા હોવાથી આવનારો સમય સારો રહેશે, જે કંપનીઓના ગાઇડન્સમાં પણ જોવા મળી શકે છે. રોકાણકારો આ ક્વાર્ટરના પરિણામો અપેક્ષા મુજબના જાહેર કરશે તો શેરબજારને વધુ બુસ્ટ મળી શકે છે.

આ દરમ્યાન વર્તમાન ભાજપ સરકારમાં વિસ્તરણ કે ફેરફાર થવાની શકયતાઓ જોવાઇ રહી છે. જેમાં નાણાંપ્રધાન પણ બદલવાની ચર્ચાએ જોર પકડ્યું છે, જેથી રોકાણકારો આ ફેરફાર કે વિસ્તરણની પણ આતુરતાથી રાહ જોઇ રહ્યા છે. જેની શેરબજાર ઉપર અસર પડી શકે છે.

વૈશ્વિક સ્તરે છેલ્લા છ મહિનામાં એઆઇ દરેક ઉદ્યોગમાં પરિવર્તન લાવી રહ્યા છે અને ઉદ્યોગને વિચારતા કરી મુક્યા છે, અને એઆઇની નવી તકો ચકાસવા માટે મજબૂર કરી દીધા છે. જોકે, પ્રાથમિક તબક્કે એઆઇનો ઉપયોગ વધી રહ્યો છે, પણ તેનો ખર્ચ પર કંપનીઓ ઉપર શું અસર કરશે તે જોવાનું રહેશે. હાલમાં એઆઇનો ખર્ચ બજેટની જોગવાઇથી વધી રહ્યો હોવાના અહેવાલ આવી રહ્યા છે, જેની ઉપર કંપનીઓ વિચારતી થઇ ગઇ છે. હવે, આવનારો સમય જ બતાવશે કે કંપનીઓ કઇ દિશામાં આગળ વધશે તે જોવાનું રહેશે. જ્યારે આઇટી કંપનીઓ એઆઇના પડકારને ઝીલવા માટે તૈયાર છે તે પણ જોવાનું રહેશે.

**માર્કેટ વોચ**

આવનારા સમયમાં શેરબજારની તેજી માટેના મુખ્ય પરિબળોમાં વરસાદની ચાલની સાથે કોર્પોરેટ કમાણીની અસર રહેશે. આ ઉપરાંત, ઇરાન-અમેરિકા વચ્ચે કાયમી યુદ્ધ વિરામ થઇ જાય તો શેરબજારમાં જોશ ભરાશે, જે નિફ્ટીએ 24800 પોઇન્ટની ઉપર લઇ જવા ખેંચશે અને કોઇ સમસ્યા સર્જાશે તો ફરીથી 24000 પોઇન્ટની નીચે સરકી શકે છે, જેની હાલની પરિસ્થિતિએ નહીંવત દેખાઇ રહી છે. જ્યારે સેન્સેકસ 79000થી 77000 પોઇન્ટની વચ્ચે અથડાતો જોવા મળશે.

બ્રોડર માર્કેટની વાત કરીએ તો કોર્પોરેટ પરિણામોની અસર રહેશે, પણ કેટલાક પસંદગીના મિડકેપ શેરો બજારમાં જોશ ભરશે. તેની સાથે સ્મોલકેપ શેરોમાં પણ તેજીનો દોર જળવાઇ રહેશે. હવે એ જોવાનું રહેશે કે લાર્જકેપ શેરોમાં ઝડપી ઉછાળો આવે છે કે પછી બ્રોડર માર્કેટ ફરી એકવાર સુંદર પ્રદર્શન કરશે.

# ક્રુડ ઓઈલની કિંમત મીડલ ઈસ્ટ યુદ્ધ પુર્વેના સ્તર પર પહોંચી ગઇ

ગત ફેબ્રુઆરી મહિનાથી શરૂ થયેલા અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધ ઓસરતા જાય છે. જોકે, હજુય લેબનોન મામલે ઈઝરાયેલ નમવા માટે તૈયાર નથી, પણ અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે, અને હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખુલી જવા પામ્યું છે. જેના લીધે ક્રુડ ઓઈલના ભાવ જે ઉછળીને 120 ડોલર પ્રતિ બેરલ પહોંચી ગયા હતા, તે ફરીથી 70થી 72 ડોલર પ્રતિ બેરલ પહોંચી ગયા છે. એટલે કે એમ પણ કહી શકાય કે ક્રુડ ઓઈલના ભાવ યુદ્ધ પુર્વેના સ્તરે પહોંચી ગયા છે.

ગલ્ફના સભ્યોએ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા નિકાસ પુનઃ સ્થાપિત કરી લીધી હોવાનું દેખાઈ રહ્યું છે. જુન મહિનામાં ઓપેક ક્રુડનું ઉત્પાદન એક દિવસમાં 2.34 મિલિયન બેરલનો વધારો દર્શાવે છે. સાઉદી અરેબિયાની નિકાસ યુદ્ધના પહેલાના સ્તરના 90 ટકા સુધી પહોંચી ગઈ છે. આમ, હોર્મુઝ સ્ટ્રેટ ખુલી જવાના કારણે ક્રુડના જહાજોના અવનજવન વધી ગયા છે.

### ક્રુડ ઓઈલમાં હજુય ભાવ ઘટશે, પણ આવનારા દિવસોમાં હોર્મુઝ સ્ટ્રેટ પસાર કરવા ટ્રાન્ઝીટ ફી ચુકવવી પડશે

આ દરમ્યાન અમેરિકા અ ઈરાને કતારમાં તેમના વચગાળાના 60 દિવસના યુદ્ધ વિરામને કાયમી સમાધાનમાં રૂપાતંરિત કરવા માટે સકારાત્મક ચર્ચા કરી રહી છે, જેમાં હજુય સુધી કોઈ પરિણામ આવ્યું નથી, પણ કોઈ નકારાત્મક પરિબળ પણ જોવા મળ્યું નથી. ગત સપ્તાહમાં એવી સ્થિતિ આવી હતી કે, ફરીથી ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ શરૂ થઈ શકે છે, પણ હાલમાં બંને દેશોની વાટાઘાટો ચાલુ છે, પણ સ્થિતિ નાજૂક તબક્કામાં છે. વૈશ્વિક વિશ્લેષક પણ હોર્મુઝના વિક્ષેપો હળવા થઈ રહ્યા હોવાથી ફંડામેન્ટલ ઝડપથી પોતાને ફરીથી સ્થાપિત કરી રહ્યા છે અને શીપીંગ વ્યવહાર પુનઃ સામાન્ય થઈ રહ્યો છે, જેથી ક્રુડ ઓઈલમાં હજુય ઘટાડો જોઈ રહ્યા છીએ, જેથી હજુય 10થી 15 ટકાનો ઘટાડો આવવાની પુરેપુરી





**ગ્લોબલ બઝ**

શકયતા જોવાઈ રહી છે.

વિશ્લેષકો એવું પણ કહી રહ્યા છે કે, અમેરિકા-ઈરાન વચ્ચે પ્રક્રિયા નાજુક છે અને હોર્મુઝના વહીવટ અને ટ્રાન્ઝિટ ફી પર વિવાદ ચાલી રહ્યો છે, જે આવનારા દિવસોમાં ટ્રાન્ઝિટ ફી ચુકવવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થતું જોવા મળી શકે છે. આ દરમ્યાન એક ટીવી ઈન્ટરવ્યુમાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, યુએસ હજુય પણ ઈરાન સાથે વાટાઘાટો કરી રહ્યું છે અને દાવો કર્યો હતો કે ઈસ્લામિક રિપબ્લીક તમામ બાબતોમાં સંમત થઈ ગયું છે, પણ આ વાતમાં કેટલું તથ્ય છે તે આવનારો સમય જ બતાવશે.

એક અમેરિકી અખબારમાં સુત્રોના આધારે અહેવાલ આવ્યો હતો કે, રાજદ્વારીઓએ તેહરાનને હોર્મુઝ અને ટોલ ચુકવણી પરના તેના દાવાને છોડી દેવાના બદલામાં વિદેશમાં રાખવામાં આવેલા દેશના અબજો ડોલરના ભંડોળને જાળવવાની ઓફર કરી હતી, પણ ઈસ્લામિક રિપબ્લીક આગળ વધી રહ્યું નથી. એટલું જ નહીં, તેહરાનના પરમાણુ કાર્યક્રમ અને લેબનોનમાં લડાઈનો અંત સહિતના મુદ્દાઓ હજુય પણ કાયમી કરાર માટે ચર્ચાઓને જટિલ બનાવવા માટે ઉભા છે. કેટલાક યુરોપિયન દેશો એવું સ્પષ્ટ માની રહ્યા છે કે, હોર્મુઝને પાર કરવા માટે ટોલ ફી અનિવાર્ય બની જશે અને આ ફી હોર્મુઝ પસાર કરનારા જહાજોએ ઈરાન અને ઓમાનને ચુકવવું પડશે.

આ તમામ પરિબળોની ઉપર નજર નાંખવામાં આવે તો ઈરાન અને અમેરિકા યુદ્ધ ફરીથી શરૂ થાય તેવું બંને દેશો ઈચ્છતા નથી પણ કેટલીક જટિલ બાબતો અટવાઈ પડી છે, તેનો ઉકેલ આવે તેવું પણ દેખાતું નથી. જેથી હજુય થોડા સમય સુધી આ તણાવ ચુલ રહેવાની પુરેપુરી સંભાવના છે, પણ હોર્મુઝ ખુલી જવાના કારણે ક્રુડ ઓઈલની અવનજવનની સાથે વિદેશમાં નિકાસ વ્યવહાર પણ પુનઃ સ્થાપિત થઈ રહ્યો હોવાથી લોજેસ્ટિક ખર્ચમાં મોટો ઘટાડો અને ઝડપી બની જશે, જે ભારત સહિત તમામ દેશોને ફાયદારૂપ બનશે.

# ક્રિપ્ટો કરન્સી પર પ્રતિબંધ મુકવામાં આવશે?

ક્રિપ્ટો કરન્સી વાસ્તવમાં નાણાકીય વ્યવહારનું એક માધ્યમ છે. ભારતીય રૂપિયો અને યુએસ ડોલરની બરાબર સમાન, ફરક માત્ર એટલો જ છે કે વર્ચ્યુઅલ છે અને તેને જોઈ શકાતું નથી અને તમે તેને સ્પર્શ કરી શકતા નથી. તેથી જ તેને ડિજિટલ કરન્સી પણ કહેવામાં આવે છે. ખૂબ જ ટુંકા સમયમાં, ક્રિપ્ટો કરન્સીએ નણાકીય બજારમાં તેની મજબૂત શક્તિ દર્શાવી છે.

હાલમાં વિશ્વની સૌથી મૂલ્યવાન અને સૌથી લોકપ્રિય ક્રિપ્ટો કરન્સી બિટકોઈન છે. આ પછી, ઘણી બધી ક્રિપ્ટો બજારમાં ઉપલબ્ધ છે, પણ બજારમાં બિટકોઈનનું જ વર્ચસ્વ છે. શરૂઆતમાં, ક્રિપ્ટો માર્કેટમાં માત્ર બિટકોઈનનું વર્ચસ્વ હતું, પરંતુ સમય જતાં આ બજાર વધ્યું અને હજારો ડિજિટલ કરન્સી ચલણમાં આવી. આજે, ક્રિપ્ટો બિઝનેસનો વ્યાપ લગભગ વિશ્વના મોટાભાગના દેશોમાં ફેલાયેલો છે.



ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવા માટે, તમારે યોગ્ય પ્લેટફોર્મ પસંદ કરવું પડશે. કારણ કે જો યોગ્ય પ્લેટફોર્મ પસંદ કરવામાં ન આવે તો તમારે ટ્રેડિંગ વખતે વધુ ફી ચૂકવવી પડી શકે છે. તેવી જ રીતે, હાલમાં ભારતમાં સૌથી વધુ લોકપ્રિય ક્રિપ્ટોકરન્સી પ્લેટફોર્મ વઝીર એક્સ છે.

### આરબીઆઇએ કહ્યું કે ક્રિપ્ટો કરન્સી દેશ માટે ખતરો છે, તેને કાયદેસરની માન્યતા ન આપો

ક્રિપ્ટો કરન્સીના લાભાલાભ અંગે કહેવું છે કે, આ એક સુરક્ષિત સીસ્ટમ છે, જેથી છેતરપિંડીની સંભાવના ઓછી છે, તેનો ઉપયોગ સરળ અને ક્રિપ્ટો કરન્સી માટેનું એકાઉન્ટ સુરક્ષિત છે.

બીજી તરફ, ક્રિપ્ટો કરન્સીનો ફુગ્ગો ફુટી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે, ખાસ કરીને ભારતમાં માન્યતા અંગે સવાલો ઉઠી રહ્યા છે, હજુય વિશ્વભરમાં ક્રિપ્ટોને સ્વીકારવા તૈયાર નથી અને આધાર વગરની સંપત્તિ માની રહ્યા છે. જેનો ઉપયોગ ગેરકાનુની કામો માટે થઈ જશે, જેના લીધે તેની વિશ્વસનીયતા સામે સવાલો ઉભા થઈ શકે છે.

ક્રિપ્ટોનું પોતાનું કોઈ વાસ્તવિક મૂલ્ય નથી. આ માત્ર એક અટકળો છે જે મોટા બુલ માર્કેટમાં પણ સારૂં પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગઈ છે. તેમણે દાવો કર્યો હતો કે આગામી વર્ષોમાં, ક્રિપ્ટોનું અસ્તિત્વ ધીમે ધીમે કોઈ ધડાકા વિના સંપૂર્ણપણે અદશ્ય થઈ જશે.

ગ્રાન્થમના જણાવ્યા અનુસાર, લોકો તેનો ઉપયોગ રોજિંદા માલ માટે અથવા સુપરમાર્કેટમાં ચુકવણી માટે કરતા નથી, પરંતુ તેનો ઉપયોગ મોટે ભાગે ખોટા કામ અને પૈસાની હેરાફેરી માટે થાય છે.

આ સિવાય વૈશ્વિક અનિશ્ચિતતા ધીમે ધીમે દૂર થઈ રહી છે, તેને

**કરન્સી વોચ**

જોતાં ક્રિપ્ટોમાંથી એક્ઝીટ થતા જોવા મળ્યા છે.

ભારતની વાત કરીએ તો ક્રિપ્ટો કરન્સીની કાનુની માન્યતા વિશે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે. દરમ્યાન રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ સંસદીય પેનલને જણાવ્યું હતું કે, ક્રિપ્ટો કરન્સી જેવી વર્ચ્યુઅલ ડિજિટલ સંપત્તિ ભારત જેવી ઉભરતી અર્થવ્યવસ્થા માટે ખતરો છે અને આવી સંપત્તિને દેશમાં કાયદેસર બનાવવી જોઈએ નહીં. ચીન અને કતાર એવા દેશોમાં સામેલ છે, જેમણે આવી નાણાકીય પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મુક્યો છે, જ્યારે યુરોપે વર્ચ્યુઅલ ડિજિટલ સંપત્તિને ખબૂજ કડક અને નિયમનકારી રીતે મંજુરી આપી છે.

આરબીઆઈએ કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ સેટિંગ ફ્રેમવર્ક હેઠળના પ્રતિબંધોને હજુય પણ નીતિગત વિકલ્પોમાંનો એક માનવામાં આવે છે અને તેના પર કાળજીપુર્વ વિચાર કરવો જોઈએ.

આરબીઆઈએ જણાવ્યું હતું કે, ચુકવણી અને સમાધાનમાં ક્રિપ્ટોના ઉપયોગને અટકાવીને બેન્કીંગ ક્ષેત્રના જોખમને મર્યાદિત કરીને અને સીસ્ટમ સાથે સંકળાયેલા જોડાણને ઘટાડીને ક્રિપ્ટોને રોકાવા જેવી સાવચેતીભરી વ્યૂહરચના નાણાકીય પ્રણાલીને સુરક્ષિત રાખવામાં મદદ કરશે.

# બજારની અસ્થિરતા તમારી SIPને પાટેથી કેમ ઉતારી ન શકે?

મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોએ મે મહિનામાં બંધ કરેલા કરતાં વધુ સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) ખોલ્યા હતા, પરંતુ તાજેતરના AMFI ડેટા સૂચવે છે કે બજારમાં ચાલુ અસ્થિરતા છતાં મોટી સંખ્યામાં રોકાણકારો તેમના SIP બંધ કરવાનું ચાલુ રાખે છે. ડેટા અનુસાર, મે મહિનામાં ૫૪.૧૬ લાખ નવા SIP નોંધાયા હતા, જ્યારે મહિના દરમિયાન ૫૧.૭૦ લાખ SIP ખાતા બંધ કરવામાં આવ્યા હતા. આનો અર્થ એ થયો કે SIP સ્ટોપેજ રેશિયો ૯૫.૪૬ ટકા હતો, જેનો અર્થ એ થયો કે નોંધાયેલા દરેક ૧૦૦ નવા SIP માટે લગભગ ૯૫ SIP બંધ કરવામાં આવ્યા હતા. માર્ચ અને એપ્રિલ બંનેમાં SIP બંધ થવાથી નવા રજિસ્ટ્રેશનની સંખ્યા વધી ગઈ હતી, જે 101 ટકાથી



વધુ હતી. જોકે, તે ઐતિહાસિક ધોરણો દ્વારા ઉંચુ રહ્યું છે અને સૂચવે છે કે નોંધપાત્ર સંખ્યામાં રોકાણકારો તેમની SIP પ્રતિબદ્ધતાઓમાંથી બહાર નીકળવાનું અથવા થોભાવવાનું ચાલુ રાખે છે. નિષ્ણાતો કહે છે કે SIP ઇનફ્લો રૂ. ૩૦,૯૫૪ કરોડ પર સ્થિતિસ્થાપક રહ્યો, જે સતત ત્રીજા મહિને રૂ. ૩૦,૦૦૦ કરોડથી વધુ રહ્યો છે. આ ડેટા એવા સમયે આવ્યો છે જ્યારે ઇક્વિટી બજારોમાં તીવ્ર ઉછાળો જોવા મળી રહ્યો છે, જે રોકાણકારોની ધીરજની કસોટી કરી રહ્યો છે. જ્યારે SIP બંધ થવાના ઘણા કારણો હોઈ શકે છે - જેમાં મેન્ડેટ પૂર્ણ થવા, નાણાકીય લક્ષ્યોમાં ફેરફાર, તરલતાની જરૂરિયાતો અથવા પોર્ટફોલિયો પુનર્ગઠનનો સમાવેશ થાય છે. બજાર સુધારા ઘણીવાર રોકાણકારોને રોકાણ થોભાવવા અને પાછા ફરતા પહેલા વધુ અનુકૂળ પરિસ્થિતિઓની રાહ જોવા માટે પ્રેરિત કરે છે.તાજેતરના આંકડાઓ પણ SIP પ્રવાહમાં નજીવો ઘટાડો દર્શાવે છે. માસિક SIP યોગદાન એપ્રિલમાં રૂ. 31,115 કરોડથી ઘટીને રૂ. 30,954 કરોડ થયું. ઘટાડા છતાં, SIP પ્રવાહ સતત ત્રીજા મહિને રૂ. 30,000 કરોડના સ્તરથી ઉપર રહ્યો, જે દર્શાવે છે કે નિયમિત રોકાણો પ્રમાણમાં સ્થિતિસ્થાપક રહે છે.

યોગ્ય સમયની રાહ જોવાની સમસ્યા

ઘણા રોકાણકારો માટે, બજાર કરેક્શન દરમિયાન SIP બંધ કરવી

**વેલ્થ ક્રિએશન**

એ એક સમજદાર નિર્ણય જેવું લાગે છે. આ વિચાર સરળ છે: બજાર ઘટી રહ્યું હોય ત્યારે રોકાણ રોકો અને દૃષ્ટિકોણ સુધર્યા પછી ફરી શરૂ કરો. સમસ્યા એ છે કે જ્યારે રિકવરી શરૂ થવાની હોય ત્યારે બજારો ભાગ્યે જ સંકેત આપે છે. એક અહેવાલ મુજબ, બજારના 10 શ્રેષ્ઠ ટ્રેડિંગ દિવસોમાંથી સાત તેના 10 સૌથી ખરાબ ટ્રેડિંગ દિવસોમાંથી બે અઠવાડિયામાં આવ્યા હતા. એક આકર્ષક ઉદાહરણ તરીકે, માર્ચ 2020 માં કોવિડ-19 ક્રેશ દરમિયાન બજારનો સૌથી ખરાબ દિવસ તેના થોડા સમય પછી વર્ષના સૌથી મજબૂત રિકવરી દિવસોમાંનો એક હતો. આનો અર્થ એ થયો કે અનિશ્ચિતતાના સમયગાળા દરમિયાન જે રોકાણકારો બાજુ પર રહે છે તેઓ બજારના કેટલાક સૌથી મહત્વપૂર્ણ રિબાઉન્ડ સત્રો ગુમાવવાનું જોખમ લે છે.

### મે મહિનામાં SIP સ્ટોપેજ રેશિયો સુધરીને 95 ટકા પર ઊંચો રહ્યો છે, સ્ટોપેજ રેશિયો સુધરવા છતાં SIP ક્લોઝર ઊંચા રહ્યા જે રોકાણ જાળવી રાખવાના પડકારને ઉજાગર કરી જાય છે

થોડા દિવસો ચૂકી જવાથી પરિણામો નાટકીય રીતે બદલાઈ શકે છે

ફંડ્સઇન્ડિયાએ ૧૯૯૯ અને ૨૦૨૬ વચ્ચે નિફ્ટી ૫૦ ટીઆરઆઈના પ્રદર્શનનું વિશ્લેષણ કર્યું અને જાણવા મળ્યું કે સમગ્ર સમયગાળા દરમિયાન ૧૦ લાખ રૂપિયાનું રોકાણ વધીને લગભગ ૨.૮૯ કરોડ રૂપિયા થયું હોત, જે વાર્ષિક ૧૩.૩ ટકા વળતર આપતું હતું. જોકે, જો કોઈ રોકાણકાર 27 વર્ષના સમગ્ર સમયગાળા દરમિયાન ફક્ત પાંચ શ્રેષ્ઠ ટ્રેડિંગ દિવસો ચૂકી જાય, તો અંતિમ ભંડોળ ઘટીને લગભગ રૂ. 1.80 કરોડ થઈ ગયું હોત. 10 શ્રેષ્ઠ દિવસો ચૂકી જવાથી ભંડોળ વધુ ઘટીને 1.30 કરોડ રૂપિયા થઈ ગયું હોત. 10 શ્રેષ્ઠ દિવસો ચૂકી જવાથી ભંડોળ વધુ ઘટીને 1.30 કરોડ રૂપિયા થઈ ગયું હોત, જ્યારે 15 શ્રેષ્ઠ દિવસો ચૂકી જવાથી અંતિમ મૂલ્ય આશરે 97 લાખ રૂપિયા થઈ ગયું હોત. આ તારણો બજારના સમયને નિર્ધારિત કરવાનો પ્રયાસ કરવામાં એક મુખ્ય પડકારને રેખાંકિત કરે છે. સૌથી મજબૂત રિકવરી દિવસો ઘણીવાર મહત્તમ નિરાશાવાદના સમયગાળાની આસપાસ કેન્દ્રિત હોય છે, જેના કારણે અગાઉથી આગાહી કરવી અત્યંત મુશ્કેલ બને છે.

# યુવાનોમાં બેરોજગારી એ ફક્ત ભારતની નહીં, વૈશ્વિક સમસ્યા છે

ભારતમાં એપ્રિલ ૨૦૨૬માં ૧૫ થી ૨૯ વર્ષની વયના યુવાનોમાં બેરોજગારીનો દર આશરે ૧૫% હતો. આ આંકડા પાછળ લાખો એવા યુવાનોની કહાની છે જેઓ શિક્ષણ પૂરું કરીને કારકિર્દી બનાવવાની મથામણમાં છે, જ્યારે બીજી તરફ મોંઘવારી અને ઘરના વધતા ભાવો તેમની ચિંતા વધારી રહ્યા છે. પરંતુ જો વૈશ્વિક સ્તરે જોઈએ તો આ માત્ર ભારતની સમસ્યા નથી. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન(ILO)ના ૨૦૨૬ના અહેવાલ મુજબ, વૈશ્વિક યુવા બેરોજગારી ૨૦૨૪ ના ૧૨.૩% થી વધીને ૨૦૨૫ માં ૧૨.૪% થઈ છે.

**વૈશ્વિક યુવા બેરોજગારીના આંકડા (મે ૨૦૨૬)**

| દેશ | યુવા બેરોજગારી દર (%) |
|---|---|
| સ્પેન | ૨૩.૭% |
| ફ્રાન્સ | ૨૧.૩% યુકે |
| બ્રિટન | ૧૬.૨% |
| ભારત | ૧૫.૦% |
| ઇટાલી | ૧૫.૧% |
| અમેરિકા | ૯.૪% |

નોંધ: દરેક દેશમાં યુવાની વ્યાખ્યા અલગ હોવાથી આ સીધી સરખામણી નથી, પરંતુ તે દર્શાવે છે કે અમીર હોય કે ગરીબ, દરેક દેશ પોતાના યુવાનોને રોજગારી આપવામાં સંઘર્ષ કરી રહ્યો છે.

કેરએજ ગ્રુપના ચીફ ઈકોનોમિસ્ટ રજની સિન્હાના જણાવ્યા અનુસાર, વૈશ્વિક સ્તરે બેરોજગારી વધવાના મુખ્ય કારણો આ મુજબ છે: ભૌગોલિક રાજકીય અસ્થિરતા : પશ્ચિમ એશિયાના યુદ્ધે વૈશ્વિક રોકાણકારોને ચિંતિત કર્યા છે. જ્યારે બિઝનેસમાં અનિશ્ચિતતા હોય, ત્યારે કંપનીઓ નવી ભરતીઓ (ખાસ કરીને એન્ટ્રી-લેવલ પર) રોકી દે



છે.આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો પ્રભાવ: કસ્ટમર સપોર્ટ, બેઝિક ડેટા એનાલિસિસ અને કન્ટેન્ટ રાઈટિંગ જેવા શરૂઆતના સ્તરના કામો હવે આલ્ગોરિધમ્સ અને AI ટૂલ્સ દ્વારા ઝડપથી થઈ રહ્યા છે. આનાથી યુવાનો માટે પ્રથમ નોકરી મેળવવાની તકો ઘટી ગઈ છે.

### વૈશ્વિક સ્તરે જોઈએ તો આ માત્ર ભારતની સમસ્યા નથી. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન(ILO)ના ૨૦૨૬ના અહેવાલ મુજબ, વૈશ્વિક યુવા બેરોજગારી ૨૦૨૪ના ૧૨.૩%થી વધીને ૨૦૨૫માં ૧૨.૪% થઈ છે

સપ્લાય ચેઈનમાં અવરોધો: કોરોના મહામારી પછી કાચા માલના ભાવોમાં ઉતાર-ચઢાવને કારણે કંપનીઓ લાંબાગાળાના હાયરિંગના નિર્ણયો ટાળી રહી છે.ભારતની પોતાની માળખાકીય સમસ્યાઓનો

**કરન્ટ-ટોપિક**

સામનો કરે છે. એલારા કેપિટલના ઈકોનોમિસ્ટ ગરિમા કપૂરના મતે, વૈશ્વિક કારણો ઉપરાંત ભારતની પોતાની કેટલીક આંતરિક સમસ્યાઓ પણ છે.

શિક્ષણ અને રોજગાર વચ્ચે અસંતુલન: ભારતીય યુવાનો પાસે ડિગ્રીઓ તો છે, પરંતુ ઉદ્યોગોને જરૂરી એવા વ્યાવસાયિક અને તકનીકી કૌશલ્યોનો અભાવ છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રની નબળાઈ: ભારત સીધું કૃષિ આધારિત અર્થતંત્રમાંથી સેવા ક્ષેત્ર તરફ આગળ વધી ગયું. ભારતે વચ્ચેનું 'મેન્યુફેક્ચરિંગ' નું પગથિયું ગુમાવી દીધું, જે ઓછું ભણેલા લોકોને મોટા પાયે રોજગારી આપી શકત. IT સેક્ટરમાં બદલાવ: આઈટી (IT) ક્ષેત્ર જે પહેલા મોટા પાયે ફ્રેશર્સની ભરતી કરતું હતું, ત્યાં હવે ભરતી સ્થગિત થઈ ગઈ છે. હવે ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCCs) નો ટ્રેન્ડ વધ્યો છે જે માત્ર અનુભવી લોકોને જ નોકરી પર રાખે છે. ગિગ ઈકોનોમી અને માપનની સમસ્યા: યુવાનો હવે પાર્ટ-ટાઈમ કે ફ્રીલાન્સિંગ તરફ વળ્યા હોવાથી કોણ ચોક્કસપણે રોજગાર મેળવી રહ્યું છે તે માપવું મુશ્કેલ બન્યું છે. શ્રમબળમાં મહિલાઓની ઓછી ભાગીદારી પણ એક મોટો પડકાર છે.

મુખ્ય નિષ્કર્ષ: ભારતમાં યુવા બેરોજગારીની સમસ્યા ભલે એક વૈશ્વિક ટ્રેન્ડનો ભાગ હોય, પરંતુ તેનો ઉકેલ સ્થાનિક સ્તરે જ લાવવો પડશે. શિક્ષણ પ્રણાલીને ઉદ્યોગોને અનુરૂપ બનાવવી, મેન્યુફેક્ચરિંગ સેક્ટરને મજબૂત કરવું અને મોટા પાયે રોજગારી આપતા ક્ષેત્રો વિકસાવવા એ જ ભારત માટે સાચો માર્ગ છે. વૈશ્વિક પવન ગમે તે દિશામાં હોય, ભારતે પોતાના આંતરિક સુધારાઓ જાતે જ કરવા પડશે.












